ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેકટર-૧૦-એ, ગાંધીનગર
માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ અપીલ બાબત.

**અપીલ નં- અ-૩૬૯૭-૨૦૨૪**

| | | |
|---|---|---|
| વિવાદી | : | શ્રી દેવદત્ત રામસિંહ રાણા<br>૩૦૧, ક્રિષ્ના એપાર્ટમેન્ટ,<br>હિરામોતી માર્કેટ સામે, જયહિંદ ચાર રસ્તા,<br>મણિનગર,<br>તા. જી. અમદાવાદ - ૩૮૦૦૦૮ |
| | | વિરુધ્ધ |
| પ્રતિવિવાદી | : | (૧) જાહેર માહિતી અધિકારી<br>પારૂલ યુનિવર્સીટી<br>પો.લીંબડી<br>તા. વાઘોડીયા<br>જી. વડોદરા - ૩૯૧૭૬૦<br><br>(૨) અપીલ સત્તાધિકારી<br>પારૂલ યુનિવર્સીટી<br>લીંબડી<br>તા. વાઘોડીયા<br>જી. વડોદરા - ૩૯૧૭૬૦ |

તા. ૧૬/૬/૨૦૨૫
ડૉ. સુભાષ સોની,
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત રાજ્ય સમક્ષ

(૧) સુનાવણીની તારીખ : ૦૫/૦૬/૨૦૨૫

(૨) આયોગ સમક્ષ રજૂ થયેલ કાગળોની વિગત:-

| ક્રમ | વિગત | : | તારીખ |
|---|---|---|---|
| (i) | નમૂના-કની અરજી | : | ૦૧/૦૫/૨૦૨૪ |
| (ii) | પ્રથમ અપીલ | : | ૦૧/૦૭/૨૦૨૪ |
| (iii) | બીજી અપીલ | : | ૨૦/૦૮/૨૦૨૪ |
| (iv) | વિવાદીની રજૂઆત | | ૩૦/૦૫/૨૦૨૪ |

(v) જાહેર માહિતી અધિકારીનો અહેવાલ : ૧૮/૦૧/૨૦૨૫

(૩) <u>સુનાવણીમાં ઉપસ્થિત પક્ષકારો:-</u>

વિવાદી : શ્રી દેવદત્ત રામસિંહ રાણા આયોગ સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહેલ છે.

પ્રતિવિવાદી : (૧) પારૂલ યુનિવર્સીટી, પો.લીમડા, તા. વાઘોડીયા, જી. વડોદરા વતી શ્રી ચેતન સૂલે,વાઇસ પ્રસિડેન્ટ વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

(૪) <u>આયોગ સમક્ષ સુનાવણી અને હુકમ:-</u>

વિવાદી દ્વારા માંગવામાં આવેલ માહિતી પરત્વે પારૂલ યુનિવર્સિટી દ્વારા તા.૧૮/૦૧/૨૦૨૫ના પત્રથી આયોગને જણાવવામાં આવેલ છે કે, પારૂલ યુનિવર્સિટી ગુજરાત સરકારના ગુજરાત પ્રાઈવેટ યુનિવર્સિટી એકટ, ૨૦૦૯ અંતર્ગત અસ્તિત્વમાં આવેલ ખાનગી યુનિવર્સિટી છે. જે ગુજરાત સરકાર કે કેન્દ્ર સરકાર પાસેથી ગ્રાન્ટ મેળવતી ન હોવાથી, પારૂલ યુનિવર્સિટીનો સમાવેશ જાહેર સત્તામંડળમાં થતો નથી અને તેથી તેઓ દ્વારા માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવેલ છે.

પારૂલ યુનિવર્સિટીની ઉકત રજૂઆત અન્વયે પારૂલ યુનિવર્સિટી જાહેરસત્તામંડળ ગણાય કે કેમ ? તે નિર્ણય કરવા માટે આયોગ દ્વારા નીચેની હકીકતો ધ્યાનમાં લેવામાં આવેલ છે.

(૧) માહિતી અધિકાર અધિનિયમમાં "જાહેર સત્તામંડળ'' ની વ્યાખ્યા નીચે મુજબ આપવામાં આવેલ છે:

''કલમ-૨(ઝ) "જાહેર સત્તામંડળ'' એટલે..

- સંવિધાનથી અથવા તે હેઠળ;
- સંસદે કરેલા કોઈ બીજા કાયદાથી;
- રાજય વિધાનમંળે કરેલા કોઈ બીજા કાયદાથી ;
- સમુચિત સરકારે બહાર પાડેલા કોઈ જાહેરનામાથી અથવા કરેલ કોઈ હુકમથી, સ્થાપેલ અથવા રચાયેલ કોઈ સત્તામંડળ અથવા મંડળ અથવા સ્વરાજ્યની સંસ્થા, અને તેમાં, સમુચિત સરકારે પુરા પાડેલા ફંડથી પ્રત્યક્ષ રીતે અથવા પરોક્ષ રીતે
- માલિકીના, નિયંત્રિત અથવા મોટા પાયે ધિરાણ મેળવેલ મંડળ ;
- મોટા પાયેલ ધિરાણ મેળવતાં બિન-સરકારી સંગઠનનો, પણ સમાવેશ થાય છે. ''

(૨) સુપ્રિમ કોર્ટ દ્વારા સિવિલ અપીલ નં.**9828/2013** માં તા.૧૭/૦૯/૨૦૧૯ના રોજ આપવામાં આવેલ ચુકાદાના પેરેગ્રાફ નં.૨૨માં નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છે.

**"22. Therefore, in our view, Section 2(h) deals with six**

**different categories and the two additional categories are mentioned in sub clauses (i) and (ii). Any other interpretation would make clauses (i) and (ii) totally redundant because then an NGO could never be covered. By specifically bringing NGOs it is obvious that the intention of the Parliament was to include these two categories mentioned in sub clauses (i) and (ii) in addition to the four categories mentioned in clauses (a) to (d)........"**

**(૩) ગુજરાત રાજયના શિક્ષણ વિભાગના તા.૧૫/૧૦/૨૦૨૦ના હુકમ ક્રમાંકઃ HRE/2020/RT-૧૮/ખ-૧ થી ખાનગી યુનિવર્સિટીને સંબંધિત અન્ય પ્રથમ અપીલના ચૂકાદા અન્વયે ''ખાનગી યુનિવર્સિટી પણ RTI એકટ અંતર્ગત જાહેર સત્તામંડળ છે'' તેવો હુકમ કરવામાં આવેલ છે.**

**(૪) University Grants Commission ની વેબસાઈટ પર ''Implementation of "The Right to Information Act, 2005 in the Universities/Colleges'' ના શિર્ષક હેઠળ સમગ્ર રાષ્ટ્રની યુનિવર્સિટીઓ અને કોલેજોને નીચે મુજબ જણાવવામાં આવેલ છે.**

**''The Right to Information(http://righttoinformation.gov.in) Act, 2005(22 of 2005) has been enacted by the Parliament to information under the control of public authorities in order to promote transparency and accountability in the working of every public authority. All universities and colleges established by law made by Parliament or by state Legislature or by State Legislature or by notification by the appropriate Government or substantially financed directly or indirectly by funds provided by the government shall come within the meaning of a Public Authority under this Act. ''**

**Whereas some provision of this act have come info effect immediately on its enactment (that is on 15 June 2005) other provision shall come info effect on 100/120 days of its enactment. All universities and colleges are therefore advised to carefully go through this Act and take necessary steps for implementation of various provision including proactive including proactive disclosure of certain kind of information Such information shall be made available to the public at large through the website by the concerned university/ colleges.**

**(૫) University Grants Commissionના પારૂલ યુનિવર્સિટીને ઉદ્દેશીને લખવામાં આવેલ તા.૦૫/૦૩/૨૦૨૩ના પત્રમાં પારૂલ યુનિવર્સિટી ગુજરાત વિધાનસભા દ્વારા ઘડવામાં આવેલ કાયદા હેઠળ ખાનગી યુનિવર્સિટી તરીકે સ્થાપના કરવામાં આવેલ હોવાનું**

જણાવવામાં આવેલ છે.

(૬) ગુજરાત વિધાનસભા દ્વારા ઘડવામાં આવેલ **''The Gujarat Private Universities Act, 2009''** ની નીચેની કલમમાં આ કાયદા હેઠળ રાજયમાં સ્થાપવામાં આવેલ વિવિધ ખાનગી યુનિવર્સિટીઓ માટે નીચે મુજબના નિયંત્રણની જોગવાઈઓ કરવામાં આવેલ છે.

| **Sr. No.** | **Section Number** | **Title of the Section** |
|---|---|---|
| **(1)** | **4** | **Objects of University** |
| **(2)** | **14** | **President** |
| **(3)** | **20** | **Governing Body** |
| **(4)** | **26** | **First Statutes** |
| **(5)** | **27** | **Subsequent Statutes** |
| **(6)** | **28** | **First Ordinances** |
| **(7)** | **29** | **Subsequent Ordinances** |
| **(9)** | **31** | **Power of State Government to give directions** |
| **(10)** | **34** | **Accreditation of University** |
| **(11)** | **35** | **University to follow rules, regulation, norms, etc. of regulating bodies.** |
| **(12)** | **36** | **Endowment Fund** |
| **(13)** | **39** | **Annual report** |
| **(14)** | **40** | **Annual Account and Audit** |
| **(15)** | **41** | **Management of University on dissolution of sponsoring Body** |
| **(16)** | **42** | **Dissolution of University** |
| **(17)** | **43** | **Special powers of state Government in certain circumstances** |
| **(18)** | **44** | **Power of state Government to make rules** |

ઉકત સમગ્ર હકીકતો અને અધિનિયમની કલમ-૨(ઝ)માં આપવામાં આવેલ "જાહેર સત્તામંડળ'' ની વ્યાખ્યામાં રાજય વિધાનમંડળે કરેલા કાયદાથી અસ્તિત્વમાં આવેલ સંસ્થાઓ "જાહેર સત્તામંડળ' ' બનતી હોવાથી અને પારૂલ યુનિવર્સિટી દ્વારા તા.૧૮/૦૧/૨૦૨૫ના પત્રમાં જણાવ્યા અનુસાર, તેઓની સંસ્થા ગુજરાત પ્રાઈવેટ યુનિવર્સિટી એકટ, ૨૦૦૯ અંતર્ગત વિધાનસભા દ્વારા ઘડવામાં આવેલ અધિનિયમ અન્વયે અસ્તિત્વમાં આવેલ હોવાથી, તેઓ જાહેર સત્તામંડળની વ્યાખ્યામાં આવે છે અને તેથી આયોગ દ્વારા પારૂલ યુનિવર્સિટીને માહિતી અધિકાર અધિનિયમની જોગવાઈઓ અનુસાર માહિતી આપવા માટે "જાહેર સત્તામંડળ" ઠરાવવામાં આવે છે.

વિવાદી દ્વારા માંગવામાં આવેલ માહિતી વિશાળ પ્રમાણમાં હોવાથી, વિવાદીને જોઈતી માહિતી આપવાના હુકમો કરવાની વિચારણા થઇ શકે તે હેતુસર આયોગ દ્વારા વિવાદી સાથે પરામર્શ કરવામાં આવતા વિવાદીએ તેઓની અરજીના મુદ્દા ક્રમાંક-(૩) અન્વયે પારૂલ યુનિવર્સિટી દ્વારા ગુજરાત રાજ્યમાં સ્થાપવામાં આવેલ ઓફ કેમ્પસ સેન્ટરોના નામ અને સરનામાની માહિતી આપવા માટેના હુકમો કરવા રજૂઆત કરેલ છે.

ઉકત વિગતે પારૂલ યુનિવર્સિટી માહિતી અધિકાર અધિનિયમની કલમ-૨(ઝ)ની જોગવાઈઓ અનુસાર, "જાહેર સત્તામંડળ" બનતી હોવાથી, રજીસ્ટ્રાર, પારૂલ યુનિવર્સિટીને જણાવવામાં આવે છે કે,...

(૧) માહિતી અધિકાર અધિનિયમની જોગવાઈઓના અમલ માટે યોગ્ય પગલા ભરવામાં આવે.

(૨) જરૂરી જાહેર માહિતી અધિકારી(ઓ) અને પ્રથમ અપીલ સત્તાધિકારી(ઓ) ની નિમણૂંક કરીને તે અંગેની વિગતો વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવે.

(૩) તેઓ દ્વારા નિમણૂંક કરવામાં આવેલ જાહેર માહિતી અધિકારીને વિવાદી દ્વારા અરજીના મુદ્દા ક્રમાંક-(૩) અન્વયે માંગવામાં આવેલ માહિતી આપવા માટે જણાવવામાં આવે અને તેની નકલ વિવાદીને મોકલવામાં આવે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આયોગ દ્વારા અપીલ નં.૨૦૬૫/૨૦૨૧માં તા.૦૭/૧૨/૨૦૨૧ના હુકમથી સમાન પ્રકારના કેસમાં સાકળચંદ પટેલ યુનિવર્સિટી કે જેની રચના પણ ગુજરાત પ્રાઈવેટ યુનિવર્સિટીઝ એકટ, ૨૦૦૯ હેઠળ થયેલ છે તેને "જાહેર સત્તામંડળ" ગણવાના હુકમો કરવામાં આવેલ છે. આ હુકમ વિરૂધ્ધ સાકળચંદ પટેલ યુનિવર્સિટી દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં **SCA No.19282/2021** અન્વયે આયોગના હુકમનો અમલ કરવા બાબતે મનાઈ હુકમ મેળવવામાં આવેલ છે. આ મનાઈ હુકમ તા.૦૪/૦૮/૨૦૨૫ સુંધી લંબાવવામાં આવેલ છે.

ઉકત વિગતે આયોગના પ્રસ્તુત હુકમનો અમલ ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલ ઉકત પીટીશન અંગેના આખરી ચૂકાદાને આધીન કરવાનો રહેશે.

ગુજરાત પ્રાઈવેટ યુનિવર્સિટીઝ એકટ, ૨૦૦૯ અંતર્ગત સ્થાપવામાં આવેલ તમામ યુનિવર્સિટીઓ દ્વારા માહિતી અધિકાર અધિનિયમનો અમલ કરવામાં આવે તે માટે જરૂરી આદેશો આપવા માહિતી અધિકાર અધિનિયમની કલમ-૨૫(૫) અન્વયે આયોગ દ્વારા રાજય વહીવટીતંત્રને ભલામણ કરવામાં આવે છે. આયોગની ભલામણોના અમલ માટે જરૂરી કાર્યવાહી કરવા આયોગના પ્રસ્તુત હુકમની નકલ અધિક મુખ્ય સચિવ, શિક્ષણ વિભાગને મોકલવામાં આવે. તેઓ દ્વારા રાજયની ખાનગી યુનિવર્સિટીઓને આપવામાં આવેલ આદેશોની નકલ આયોગ સમક્ષ રજૂ કરવામાં આવે.

ઉકત હુકમ અન્વયે અપીલનો નિકાલ કરવામાં આવે છે.

સહી/-

(ડૉ. સુભાષ સોની)
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત માહિતી આયોગ,
ગાંધીનગર

મુકાબલ કરનાર

કાયદા અધિકારી
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

પ્રમાણિત કરનાર

નાયબ સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

Gujarat Information Commission
CITIZENS HAVE RIGHT TO INFORMATION
GANDHINAGAR